બાળકો અને નવયુવાનો માટે

# હાદી

માસિક

ઝિલહજ, હીજરી સન ૧૪૩૦,
નવેમ્બર-૨૦૦૯



રૂ. ૩૦/-

# અલ્લાહના નેક નામો



# અલબારી

અલ્લાહના નેક નામોમાંથી એક નામ 'અલબારી' પણ છે અને જ્યાં બીજા નામોમાં ઘણી ખાસિયતો છે તેવી જ રીતે આ નામમાં પણ ઘણી ખાસિયતો છે. આવો, આ નામ વિશે કેટલીક લાભદાયક જાણકારી મેળવીએ જેથી કરીને આપણે તેનાથી ફાયદો લઈ શકીએ.

**'અલબારી'નો અર્થ :** આ નામના કેટલાંક અર્થઘટનો નીચે મુજબ કરવામાં આવ્યાં છે.

**(૧) સૃષ્ટિના સર્જન પછી, સર્જન કરેલ વસ્તુઓને એક-બીજાથી જુદા કરનાર.**

**(૨) તમીઝ અને ફરક કરવાવાળો**

**(૩) એ અસ્તિત્વ કે જે તે ન હોય તેવા અસ્તિત્વથી જુદા હોય.**

**(૪) પોતે સર્જન કરેલ સૃષ્ટિ (મખલૂક) ઉપર જાહેર થવાવાળો**

**કુરઆનમાંનું ઉદાહરણ :-** સૂરએ હશ્રની આયત ૨૪માં ઈર્શાદ થાય છે કે 'તે ખુદા જ સર્જન કરનાર અને તેના જેવો બીજો કોઈ ન હોય તે રીતે જન્મ આપનાર છે. તે (અનન્ય અને અદ્વિતીય) સૂરત બનાવનારો છે. તેના (ઘણાં) સારા સારા નામો છે અને જે કાંઈ આકાશમાં અને પૃથ્વીમાં (પૃથ્વી ઉપર અને પૃથ્વીની અંદર) છે તે તેનાજ ગુણ ગાય છે. (તેની જ તસ્બીહ પઢે છે.)'

**'અલબારી' અને માઅસૂમીન અ.સ.ના બોધવચનો :**

માઅસૂમીન અ.સ.એ જ્યાં આ નામના ઘણાં ફાયદા ગણાવ્યાં છે, ત્યાં જ અલ્લાહના આ નામનો પોતાની દુઆઓમાં પણ પ્રયોગ કર્યો છે. જેમકે રજબ માસની પંદરમી તારીખની દુઆ છે તેમાં 'વ અંતલ બારીયો ખલ્કી' આવે છે. એટલે કે 'ખુદાવન્દા, તે પોતાની દયા–કૃપાથી મારૂં સર્જન કર્યું છે. જ્યારે કે તું મારા સર્જનનો મોહતાજ નહોતો. (મારા સર્જનથી તું અલિપ્ત હતો.)'

**'અલબારી'ના ફાયદા અને તેની ખાસિયતો :**

(૧) હઝરત ઈમામ રિઝા (અ.સ.)નું ફરમાન છે કે જે વ્યક્તિ શુક્રવાર (જુમ્આ) ના દિવસે ૧૦૦ વખત 'યા બારીયો'નો વિર્દ કરશે, ખુદાવન્દે આલમ તેને કબરમાં એકલો નહીં રાખે. પરંતુ (કબરમાં) તેની સાથે એક સાથી અને મદદગાર રાખશે.

(૨) જે વ્યક્તિ હંમેશાં 'યા બારિયો' નો વિર્દ કરતો રહેશે, કબરમાં તેનું શરીર તાજું રહેશે.

(૩) જે વ્યક્તિ એક અઠવાડિયા સુધી દરરોજ ૧૦૦ વખત 'યા બારિયો'નો વિર્દ કરશે. (પઢશે–ઉચ્ચારશે) તો ખુદાવન્દે આલમ એક ફરિશ્તાનું સર્જન કરશે, જે કયામત સુધી તેનો મિત્ર અને હિતેચ્છુ રહેશે.


E-mail : hadimasik@yahoo.com

જીલહજ, હીજરી સન ૧૪૩૦,
નવેમ્બર - ૨૦૦૯

بسم الله الرحمن الرحيم

## બઈસ્મેહી તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

વીતી ગયેલ સમય પાછો હાથ આવતો નથી.

એક વર્ષ કેવી રીતે વીતી ગયું કે ખબર જ ન પડી, જો કે આ વર્ષ ખૂબજ લાભદાયી રહ્યું કેમકે આપણે આ આખુંયે વર્ષ ‘‘હાદી’’ જેવા સામયિકનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો છે.

બાળકો ! લો !! નવા વર્ષથી ફરીથી ‘‘હાદી’’ પોતાની સઘળી ચમક દમક સાથે તમારા હાથોમાં છે.

મારા વહાલા બાળકો ! આ એક વર્ષ સુધી સતત પ્રસિધ્ધ થનાર સામયિક આપ લોકોની સહાયતા વગર શક્ય નહોતું, એટલે જુઓ, યાદ રાખજો ! આ વર્ષે પણ સભ્યપદ રિન્યુ કરાવવાનું ભૂલતા નહીં અને તે રીતે આપની તમામ સહાયતાનું ઝરણું વહેતું રાખજો.

ઝિલહજનો મહીનો અમીરૂલ મોઅમેનીન અ.સ.ની વિલાયતનો મહીનો છે. દીનની સંપૂર્ણતા અને અલ્લાહની નેઅમતોની પૂર્ણતાની ઘોષણાએ કુફ્રને સૃષ્ટિના અંત સુધીના સમય માટે નિરાશ કરી દીધો અને કુરઆને ખુશખબરી આપી કે આજે કુફ્ર નિરાશ થઈ ગયો.

કુફ્ર તો રસૂલ સ.અ.વ.ની આંખો બંધ થાય તેની જ પ્રતિક્ષા કરી રહ્યો હતો પરંતુ ગદીરે તેમની તમામ આશાઓ ઉપર પાણી ફેરવી દીધું.

પરંતુ કાશ ! મુસલમાનો પોતે કરેલાં વાયદા ઉપર કાયમ બાકી રહ્યા હોત ! અને બૈઅતથી તેમણે મોઢું ફેરવી લીધું ન હોત તો કદાચ ઈસ્લામના અનુયાયીઓમાં જે નબળાઈ દેખાય છે તે ન હોત અને સમગ્ર જગતમાં ફક્ત ઈસ્લામનો પરચમ લહેરાતો હોત.

હજી પણ સમય છે, નાની નાની વાતોના મતભેદો ભૂલી જઈને પાયાની બાબતો અંગે સહમતિ અને ભાઈચારો કેળવીએ અને તે રીતે શત્રુઓના પરાજયનું કારણ બનીએ.

વસ્સલામ

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
એ.પી. ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Bustan -E- Zehra Association
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com



# કુરઆનનો ખૂણો

## સૂરઃ બૈયિનહ

**• બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ •**

લમયકોનિલ લઝીન કફરૂ મિનઅહલિલ કેતાબે વલ મુશરેકીન મુનફક્કીન હત્તા તઅતેયહોમુલ બૈયિનહ ૦ રસૂલુમ મેનલ્લાહે યત્લૂ સોહોફમ મોતહહરહ ૦ ફીહા કોતોબુન કય્યેમહ ૦ વમા તફર્રકલ્લઝીન ઉતુલ કેતાબ ઈલ્લા મિમ બઅદે માજાઅતહોમુલ બૈયિનહ ૦ વમા ઓમેરૂ ઈલ્લા લેયઅબોદુલ્લાહ મુખ્લેસીન લહુદ્દીન, હોનફાઅ વયોકીમુસ્સલાત વયુઅતુઝ્ઝકાત વઝાલેક દીનુલ કય્યેમહ ૦ ઈન્નલ્લઝીન કફરૂ મિન અહલિલ કેતાબે વલ મુશરેકીન ફીનારે જહન્નમ ખાલેદીના ફીહા ઉલાએક હુમ શરરુલ બરીય્યહ ૦ ઈન્નલ લઝીન આમનુ વઅમેલુસ્સાલેહાતે ઉલાએક હુમ ખયરુલ બરીય્યહ જઝાઓહુમ ઈન્દ રબ્બેહિમ જન્નાતો અદનિન તજરી મિન તહતેહલ અનહારો ખાલેદીના ફીહા અબદન, રઝેયલ્લાહો અન્હુમ વરઝૂ અન્હો, ઝાલેક લેમન ખશેયહ રબ્બહ ૦

★ આ સૂરામાં આઠ આયતો અને એક રુકૂઅ છે.
★ આ સૂરો મદીના શહેરમાં અવતરિત થયો છે.

### તરજુમો અને પરિચય

કિતાબવાળાઓમાંથી જે નાસ્તિક બની ગયા છે તેઓ તથા મુશ્રીકો (મૂર્તિપૂજકો) પોતાની માન્યતાઓથી ડગ્યા નહિ, જ્યાં સુધી કે તેમના પાસે ખુલ્લી દલીલ આવી : (૧) (અર્થાત) અલ્લાહના તરફથી રસૂલ (આવ્યો), જે (તેમને) પવિત્ર પાનાં પઢીને સંભળાવતો હતો. (૨) જેમાં સત્ય ફરમાનો લખેલાં હતાં (૩) અને તે લોકો કે જેમને કિતાબ આપવામાં આવી હતી તેમણે મતભેદ કર્યો નહિ, પણ તેમની પાસે ખુલ્લી દલીલ આવી ગયા પછી (૪) અને તેમને બીજો કોઈ હુકમ આપવામાં આવ્યો ન હતો પણ આ કે અલ્લાહને માટે ધર્મને નિખાલસ કરી તેની જ ઈબાદત કરે, (અને જુઠી માન્યતાઓથી) પર રહે, અને નમાઝ પઢે તથા ઝકાત આપે,


E-mail : hadimasik@yahoo.com



અને એજ ખરો ધર્મ છે. (૫) નિસંશય કિતાબવાળાઓમાંથી જેઓ નાસ્તિક થઈ ગયા તેઓ તથા મુશ્રીકો (મૂર્તિપૂજકો) દોઝખની આગમાં જશે (અને) સદા માટે તેમાં જ રહેશે; સર્વસૃષ્ટિમાં સૌ કરતાં ખરાબ લોકો એજ છે, (૬) નિસંશય જે લોકો ઈમાન લાવ્યા અને સત્કાર્યો કર્યા, તે લોકો જ સર્વ સૃષ્ટિમાં શ્રેષ્ઠ છે. (૭) તેમનો બદલો તેમના પરવરદિગાર પાસે હંમેશા રહેવાના બગીચા છે, જેની હેઠળ નદીઓ વહે છે તેમાં તેઓ સદા માટે રહેનારા થશે; આ તેના માટે છે કે જે પોતાના પરવરદિગારથી ડરતો રહે છે. (૮)

**અલ બય્યેનહ :** (ખુલ્લી દલીલ) આ સ્થળે બય્યેનાહથી મુરાદ હ. રસુલે ખુદા (સ.) છે.

**કોતોબુન કય્યેમહ :** (જેમાં સત્ય ફરમાનો લખેલા છે) કુરઆને મજીદના દરેક લખાણ તે અલગ અલગ કિતાબ કહેવામાં આવેલ છે અને જેમાં કોઈ ઈન્કાર ન કરી શકે તેવી મજબુત દલીલો છે. કુરઆનના દરેક સુરા અથવા આયતને અલગ–અલગ સહીફા કહેવામાં આવેલ છે.

**ઈન્નલ લઝીન આમનુ :** (જે લોકો ઈમાન લાવ્યા) હ. અમીરૂલ મોઅમેનીન (અ.)થી વર્ણન છે કે હ. રસુલે ખુદા (સ.)એ આ આયતની તિલાવત ફરમાવી મારી તરફ જોયું અને ફરમાવ્યું કે અય અલી આથી મુરાદ તમારા શીયા છે. તફસીરે બુરહાનમાં છે કે હ. રસુલે ખુદા (સ.) એ છેલ્લા સમયે પોતાની દુખ્તર જ. ફાતેમા (સ.)ને ફરમાવ્યું કે અલી (અ.)ને બોલાવો. જે ખાતુને જન્નત (અ.)ના કહેવાથી હ. ઈમામ હસન (અ.), હ. અલી (અ.)ને બોલાવવા ગયા અને હ. અલી (અ.) તશરીફ લાવ્યા. જ. બતુલ બહુજ ગમગીન હતા અને હુઝુર પોતાની પુત્રીને સબ્ર કરવાનું ફરમાવી રહ્યા હતા. પછી આપે હ. અલી (અ.)ને ફરમાવ્યું કે તમારો કાન મારા મોંઢા પાસે લાવો. આપ પોતાનો કાન હુઝુરના મોંઢા તરફ લઈ ગયા ત્યારે હુઝુરે આયતની તીલાવત ફરમાવી અને કહ્યું કે આથી મુરાદ તમો અને તમારા શીયા છો. જે પ્રકાશીત ચહેરા સાથે ઉઠશો અને મારી, તમારી અને તમારા શીયાની વાયદાની જગ્યા હવઝે કવસર પર છે. પછી ફરમાવ્યું કે "શરરૂલ બરીય્યહ" (સહુથી ખરાબ લોકો) મારા અને તમારા દુશ્મન અને તમારા દુશ્મનના દોસ્ત છે, જેમના ચહેરા મહેશરના દિવસે કાળા હશે અને તેઓ તરસ્યા હશે.

# મુબાહિલામાંથી એક બોધપાઠ

મુબાહિલા ઈસ્લામી ઈદોમાંથી એક ઈદ છે. આ ખુશાલીનો દિવસ જરૂર છે પરંતુ તેમાંથી આપણાં 'અહલેબૈત' અ.સ.ના ફઝાઈલ (મહાન ગુણો) પણ જાહેર થાય છે. પરંતુ આપણાં માટે તો તેમાંથી એક બોધપાઠ પણ છે, જે મુબાહિલાની આયતમાંથી સ્પષ્ટ થાય છે. જેમાં અલ્લાહ તરફથી નબીયે કરીમ સ.અ.વ. ને આજ્ઞા થઈ હતી કે 'હે રસૂલ સ.અ.વ. ! આ લોકો આમ(બહસ કરીને અથવા સમજાવટથી) માનવાવાળા નથી. તેથી આપ હવે પોતાના અહલેબૈત અ.સ.ને લઈ જઈને તેમની સાથે મુબાહિલો કરો, એટલે કે ખુલ્લા મેદાનમાં જઈને જુઠાઓ ઉપર લાનત મોકલો.' આ આયતનો અર્થ છે, અને જે પ્રસંગ બન્યો તેમાં અહલેબૈત અ.સ.ના સદકામાં મુસલમાનોનો વિજ્ય થયો હતો. આ પ્રસંગમાં એક બોધપાઠ એવો છે કે આપણે પણ આપણાં અઈમ્મએ તાહેરીન અ.સ.ના સદ્ચરિત્રનું અનુસરણ કરીને જુઠ બોલવું જોઈએ નહીં. જુઠ એક ખરાબ ટેવ છે. તેનાથી મનુષ્યની આબરૂ ખત્મ થઈ જાય છે અને તેના ઉપર કોઈ ભરોસો પણ રાખતો નથી કે આ તો જુઠો છે. આપણાં અઈમ્મા અ.સ.એ આ કુટેવની ઘણી નિંદા કરી છે.


E-mail : hadimasik@yahoo.com

બાળકો ! આવો આજેઆપણે બધાં મળીને પ્રતિજ્ઞા લઈએ કે હવે કદી જુઠ બોલીશું નહીં. હંમેશાં સાચું જ બોલીશું અને હંમેશાં સાચાઓને જ સાથ આપીશું અને સાચા જ રહીશું. આના ઘણાં લાભ છે. મુબાહિલામાં જ અહલેબૈત અ.સ.ના સત્યને જોઈને ખ્રિસ્તીઓએ એ વાતનો સ્વીકાર કર્યો કે ‘અમે એવા (સાચા લોકોના) મુખારવિંદ જોઈ રહ્યાં છે કે જો તેઓ શ્રાપ આપે તો (બદદુઆ કરે તો) પહાડ પણ રજકણોમાં ફેરવાઈ જાય’ અને તે પછી તેઓએ મુબાહિલા વગર જ પોતાનો પરાજ્ય સ્વીકારી લીધો હતો.



# શીખવા જેવી વાતો (પેન્શન)

એક ખ્રિસ્તીએ જીવન પર્યંત કામ કરીને તકલીફો વેઠી પરંતુ તે કાંઈ પણ માલ એકત્ર કરીને રાખી શક્યો નહીં અને પોતાની આખરી ઉંમરમાં તે અંધ થઈ ગયો. વૃધ્ધાવસ્થા - અંધત્વ - ગરીબી - દરિદ્રતા - બધુ જ તેનામાં એકત્ર થઈ ગયાં હતાં અને ભીખ માંગવા સિવાય તેના માટે કોઈ ઉપાય બાકી રહ્યો નહોતો. તેથી તે પોળમાં એક બાજુએ ઉભો રહીને ભીખ માંગતો હતો અને લોકો તેના પ્રત્યે દયાવૃત્તિ દાખવીને તેને કાંઈ આપી દેતાં હતાં, અને આવી રીતે તે પોતાનું જીવન દુઃખ અને મુસીબતોમાં વિતાવી રહ્યો હતો.

એટલે સુધી કે એક દિવસ હઝરત અલી અ.સ. ત્યાંથી પસાર થયાં અને તેને આ સ્થિતિમાં જોયો તો હઝરત આ વૃધ્ધ વ્યક્તિ વિશે જાણકારી મેળવવા લાગ્યાં, તો તેમને જાણવા મળ્યું કે આ એક ખ્રિસ્તી છે. જ્યાં સુધી તેનામાં શક્તિ અને તેને દૃષ્ટિ હતી ત્યાં સુધી તેણે મહેનત મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવ્યું હતું અને જ્યારે શક્તિ ન રહી - દૃષ્ટિ ન રહી અને કામ કરવાની તાકાત તેના શરીરમાં ન રહી અને તેણે ધન-દોલત પણ એકત્ર કરેલ ન હોવાથી તે આવી રીતે જીવન પસાર કરી રહ્યો છે અને તે પહેલાં સમાજના કલ્યાણકારી કામોમાં ખર્ચ પણ કરતો રહેતો હતો. આ સાંભળીને ઈમામ અ.સ.એ ફરમાવ્યું, આશ્ચર્યની વાત છે કે જ્યાં સુધી તેનામાં શક્તિ હતી ત્યાં સુધી તમે તેની પાસેથી કામ લીધું અને હવે જ્યારે તેની પાસે શારીરિક શક્તિ


E-mail : hadimasik@yahoo.com

અને દૃષ્ટિ નથી ત્યારે તમે તેને તેના હાલ ઉપર છોડી દીધો. તેણે અત્યાર સુધી કરેલાં કામોને કારણે શાસન અને સમાજ બંનેની આ જવાબદારી છે કે જ્યાં સુધી તે જીવતો રહે ત્યાં સુધી તેની જરૂરીયાતોને પૂરી કરવામાં આવે. જાવ, તેને બયતુલમાલમાંથી કાંઈક રકમ(પેન્શન તરીકે) આપવાનું રાખો. એ જરૂરી નથી કે મહેનત કરનારો મુસલમાન હોય તો જ તેનો ખ્યાલ રાખવામાં આવે પરંતુ જો કોઈએ પોતાની શારીરિક શક્તિ અને તાકાતથી કે ધન દોલતથી સમાજની સેવા કરી હોય તો આપણી ફરજ થાય છે કે તેની વૃધ્ધાવસ્થા અને અશક્તિમાં તેની સેવા કરવામાં આવે.





# હસો અને હસાવો

## ટુચકાઓ

**૧** બે ગાંડી વ્યક્તિઓ ગાંડાઓની હોસ્પિટલમાં આંબાને જુએ છે કે જેના ઉપર ઘણી કેરીઓ લટકતી હતી. તે જોઈને તેઓ ગેલમાં આવી જાય છે અને તેમાં એક કહે છે, જો આપણે પણ આ કેરીઓની જેમ હોત તો ! બીજાએ કહ્યું, તો ચાલો આપણે પણ આ કેરીઓની જેમ લટકી જઈએ. તે પછી તે બંને આંબાના ઝાડની ડાળીઓ ઉપર લટકી ગયાં. અચાનક તેમાંથી એક નીચે પડી ગયો, ત્યારે બીજાએ પુછ્યું ભાઈ કેમ પડી ગયો તો પડી જવાવાળાએ કહ્યું, ભાઈ ! હું તો પાકી ગયો હતો.

**૨** એક અંગ્રેજ ભારતમાં આવીને હિન્દી શીખવા માંગતો હતો. તેણે એક સફરજન વેચવાવાળા પાસે આવીને કહ્યું, ‘ભાઈ મને હિન્દી શીખવાડી દો ! તેણે કહ્યું, ભાઈ મારી પાસે તો સમય નથી. હા, પરંતુ તમે મારી લારી ઉપર ઉભા રહો, અહિયાં લોકો સફરજન ખરીદવા આવે છે. તમે તેમની સાથે વાતો કરજો - વાતો વાતોમાં તમે હિન્દી શીખી જશો. પેલા અંગ્રેજે પુછ્યું, લોકો આવીને શું પ્રશ્નો પુછશે. લારીવાળાએ કહ્યું, તેઓ તમને ત્રણ પ્રશ્નો કરશે. અંગ્રેજે પુછ્યું, કયા કયા પ્રશ્નો કરશે ? લારીવાળાએ કહ્યું કે પહેલો પ્રશ્ન પુછશે, સફરજન શું ભાવે છે ? તમારે જવાબ દેવાનો-ત્રીસ રૂપિયે કીલો. બીજો પ્રશ્ન પુછશે કે શું કોઈ કોઈ ખરાબ છે, તો જવાબ દેવાનો કે-હા, કંઈક અંશે. ત્રીજો પ્રશ્ન પુછશે, ત્યારે તો હું નહીં લઈ જાઉં. તો તમારે જવાબ આપવાનો- તમે નહીં લઈ જાવ તો બીજો કોઈ લઈ જશે. તે અંગ્રેજ લારી ઉપર ઉભો રહી ગયો. એટલામાં ત્યાં એક સ્ત્રીએ આવીને પ્રશ્ન પુછયો કે સ્ટેશનનો રસ્તો કઈ તરફ છે ? અંગ્રેજ તો હિન્દી સમજતો નહોતો. તેણે લારીવાળાએ શીખવાડેલો જવાબ આપ્યો. ત્રીસ રૂપિયે કીલો. પેલી સ્ત્રીએ કહ્યું કે શું તું ગાંડો છે ? અંગ્રેજે શીખવાડેલો જવાબ આપ્યો ‘હા કંઈક અંશે, સ્ત્રીએ કહ્યું ગાંડાની હોસ્પિટલમાં લઈ જાઉં ? પેલા અંગ્રેજે ફરી શીખવાડેલો જ જવાબ આપ્યો-તમે નહીં લઈ જાવ તો બીજું કોઈ લઈ જશે !!!

**૩** દીકરો પોતાના પિતાને કહે છે : બાપુજી આપે કહ્યું હતું કે હું પાસ થઈ જઈશ તો તમે મને પાંચ હજાર રૂપિયા આપશો ! પિતાએ કહ્યું : હા, દીકરા ! કહ્યું હતું. દીકરાએ કહ્યું : તો મુબારક, આપના પાંચ હજાર રૂપિયા બચી ગયા !!!





E-mail : hadimasik@yahoo.com

# જીભની આફતો



'ફુતૂવતનામા' ના લેખક લખે છે કે જો એવું પુછવામાં આવે કે એ આઠ બાબતો કઈ છે, જેનાથી જીભને અટકાવવી જોઈએ તો કહેવું જોઈએ કે :

(૧) જીભને જુઠ અંગે બાંધીને રાખવી જોઈએ અને જુઠ બોલવાથી દૂર રહેવું જોઈએ.

(૨) વચન ભંગથી - કેમકે વચન ભંગ મુનાફેકોની ટેવ છે.

(૩) કોઈની બદગોઈ કરવાથી અને કોઈના ઉપર ખોટા દોષારોપણ કરવાથી કેમકે આ ફાસિકોના કામ છે.

(૪) લડાઈ-ઝઘડા - ચાડી ચુગલી અને લોકોમાં દોષ જોવાથી કેમકે આ શયતાન દ્વારા કરાવવામાં આવતા વસવસાઓ છે.

(૫) પોતાની જ પ્રશંસાથી કેમકે આ ઘમંડ અને અહમની નિશાનીઓ છે.

(૬) પોતાના ખેડૂતો અને નોકરોને લાનત મોકલવાથી કેમકે આ અત્યાચારીઓ અને જુલ્મ કરવાવાળાઓની નિશાની છે.

(૭) અભદ્ર મજાક અને મશ્કરીઓ કરવાથી કેમકે આનાથી અંદરો અંદર દુશ્મનાવટ વધે છે.

(૮) કોઈને શ્રાપ આપવાથી (કોઈના વિશે બદદુઆ કરવાથી) કેમકે તેનાથી મનમાં કડવાશ જન્મે છે.

*વહાલા બાળકો ! આપણે આવી ટેવો-આવા ચરિત્રથી ઘણાં જ છેટે રહેવું જોઈએ, કેમકે આવું ચરિત્ર એક રીતે શયતાનનું ચરિત્ર્ય છે. કેમકે ઈબ્લીસ મલઊન (શયતાન) ઘણે ભાગે વાતચીત દરમ્યાન મનુષ્યની જીભની નીચે જ રહે છે. હઝરત અલીનું ફરમાન પણ છે કે 'મનુષ્યના હૃદયને મારવાવાળી જીભ કરતાં વધારે કોઈ વસ્તુ નથી અને કોઈપણ વ્યક્તિના માટે શયતાનથી વધારે મોટો કોઈ ફરેબ આપનાર નથી.'*




# ઈસ્લામી પુસ્તકોનો પરિચય

## સહીફએ ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલયહા

વહાલા બાળકો ! આ પહેલાં અમે આપને અલ્લાહની કિતાબ કુરઆને મજીદ અને આપણાં ઈમામ અ.સ.ના પુસ્તક 'નહજુલ બલાગાહ'ની સંક્ષિપ્ત જાણકારી આપી ચુક્યાં છીએ. હવે 'સહીફએ ફાતેમા ઝહરા સલા.' વિશે કેટલીક જાણકારી આપીએ છીએ.

સહીફા અરબી ભાષામાં પુસ્તકને કહેવામાં આવે છે, અને આ એ પુસ્તક છે જે જનાબ ફાતેમા ઝહરા સલા.ની પોતાની વાણી છે અને હઝરત અલી અ.સ.એ આને પોતાના હાથે લખેલ છે.

ઈમામ સાદિક અ.સ.નું ફરમાન છે કે રસુલુલ્લાહ સ.અ.વ.ની વફાત પછી ફાતેમા ઝહરા સલા. ખુબ જ દુઃખી રહેતા હતાં. તેથી ખુદાવન્દે આલમે જીબ્રઈલને આજ્ઞા કરી કે જાવ, અને ફાતેમા ઝહરા સલા.ના મનને બહેલાવો અને તેમને સાંત્વના આપો. તેથી જીબ્રઈલ આવતાં હતાં. અને જનાબ ફાતેમા ઝહરા સલા. ને ગય્બના સમાચાર આપતાં રહેતાં હતાં, અને ભવિષ્યમાં શું થવાનું છે, તેમના 'અહલેબૈત' પર શું, વીતવાની છે, આ સઘળી વાતો જીબ્રઈલ અમીન અ.સ. જનાબ ફાતેમા ઝહરા  સલા.ને જણાવતાં હતાં, અને જ્યારે જીબ્રઈલ ચાલ્યાં જતાં ત્યારે જનાબ ફાતેમા


E-mail : hadimasik@yahoo.com

ઝહરા સલા. આ સઘળી વાતો ઈમામ અલી અ.સ.ને કહી સંભળાવતા હતી. જેને ઈમામ અ.સ. લખી લેતાં હતાં. આ પુસ્તક વિશે જ્યારે માઅસૂમીન અ.સ.ને પુછવામાં આવ્યું તો ફરમાવ્યું કે તે એક બળદના ચામડા ઉપર લખેલ છે અને લખી શકાય તેવા તમામ જ્ઞાનનો તે ભંડાર છે, અથવા ફરમાવ્યું કે તે એક ચામડા ઉપર લખાએલ છે, જેની લોકોને જરૂરીયાત રહે છે. ટુંકમાં માઅસૂમના કથન (કૌલ) પ્રમાણે જેવી રીતે કુરઆનમાં જીવનની દરેક બાબત અંગેનું જ્ઞાન છે તેવી જ રીતે 'સહીફએ ફાતેમા ઝહરા સલા.' માં પણ દરેક વાત લખાએલી છે.

પરંતુ તેના માટે તે અંગેની દૃષ્ટિ અને વિચાર શક્તિ હોવી જોઈએ, જેથી કરીને આપણે આ કીમતી ખજાનાઓથી ભરપૂર લાભ લઈ શકીએ.

આજે જગતની અન્ય કોમો કે જેમની પાસે કાંઈપણ નથી તેઓ પ્રગતિના સોપાન સર કરી રહી છે અને આપણી પાસે બધું જ છે. - કુરઆન છે - નહજુલ બલાગાહ છે - સહીફએ સજ્જાદિયા છે - સહીફએ ફાતેમા ઝહરા સલા. છે, પરંતુ તેમ છતાં આપણે સમગ્ર જગતથી પાછળ રહી ગયાં છીએ. અન્ય કોમોએ પુસ્તકોનું અધ્યયન કર્યુ અને તેમાંથી પોતાની પ્રગતિના માર્ગો શોધી કાઢ્યાં અને જેમના આ પુસ્તકો છે, તેઓમાંથી ઘણાં બધાં તો આ પુસ્તકોના નામ પણ જાણતાં નથી.

તેથી વહાલા બાળકો ! આવો - આપણે દૃઢ નિશ્ચય કરીએ કે આપણે ધીમે ધીમે આ પુસ્તકોનું અધ્યયન કરીશું અને તેની ઉપર અમલ પણ કરીશું.





# નહજુલ બલાગહ

## ડહાપણ ભરી વાતો–૧

જ્યારે તમે શત્રુને મહાત કરી દો એ સફળતા માટે અલ્લાહનો શુક્ર અદા કરવાનો તરીકો એ છે કે તેને ક્ષમા આપી દો. (કલમાહ નં.૧)

હઝરતે અમીર અ.સ.એ આ શબ્દોમાં અલ્લાહનો શુક્ર અદા કરવાની એક રીત બયાન કરીને સ્પષ્ટ કરી દીધું છે કે આપણે જાણી લેવું જોઈએ કે આવી સફળતાઓ આપણા બાહુબળને આભારી નથી પરંતુ સફળતા આપનાર તો પરવરદિગાર છે, જેણે તમને પેદા કર્યા છે. અને તેણે જ તમને આ બળ આપ્યું કે જેના વડે તમે શત્રુને મહાત કરી શક્યાં. એ પણ શક્ય છે કે તમે આ શક્તિનો ઉપયોગ સત્યના માર્ગે કર્યો હોય કે અસત્યના માર્ગે.

અને શત્રુને મહાત કરવાનો અર્થ ફક્ત યુધ્ધનાં મેદાનમાં શત્રુને મહાત કરવો - એટલા પૂરતો જ સિમિત નથી. પરંતુ તેનો વ્યાપ ઘણો જ વ્યાપક છે. જ્યાં પણ કોઈ બાબતે આપસમાં મતભેદ થઈ જાય- જમીન - સંપત્તિ - ધન - દોલત પોતાના અધિકાર વિગેરે કોઈ પણ બાબતે મળતી સફળતા અલ્લાહની મદદને કારણે જ છે. તેથી તે અંગે તુર્ત આપણાં સાચા મહાન માલિકનો આભાર માનવો જોઈએ અને માલિકનો આભાર માનવો તે સફળતા પછી મનુષ્ય માટે જીવન પર્યંતનો એક બોધપાઠ પણ છે. તે એવી રીતે કે જ્યારે મનુષ્યને કોઈપણ સમસ્યામાં સફળતા મળે





E-mail : hadimasik@yahoo.com

તો તેને એ વિચાર જરૂર આવવો જોઈએ કે આ સફળતા સત્યના માર્ગે છે કે અસત્યના માર્ગે-સાચા ધ્યેય માટે છે કે ખોટા - ગુનાહિત ધ્યેય માટે છે, કેમકે એ જરૂરી નથી કે સફળતા મેળવનાર દરેક વખતે સત્યના માર્ગે જ હોય. કુટુંબ કબીલો મોટો હતો - ધન દોલત વધારે હતી - શક્તિશાળી વધારે હતાં. - તેથી સફળ થઈ ગયાં અને શારિરીક રીતે નબળા - દરિદ્ર - નાના કુટુંબ કબીલાવાળાને હરાવી દીધાં - તેથી જ્યારે અલ્લાહનો આભાર માનવા માટે તૈયાર થશે તો શક્ય છે કે તેને સદ્‌વિચાર આવી જાય અને હકદારને તેનો હક પાછો આપી દે અને જ્યારે મનુષ્ય આવું કરે ત્યારે જ તે ખરેખર સફળ થએલો ગણાશે, કેમકે જેણે આવી રીતે સફળ થયા પછી ખરા હકદારને તેનો હક પાછો આપી દીધો, તેણે જાણે પોતાના અંતર (નફસ) સાથે 'જિહાદે અકબર' કર્યો ગણાશે. અને જ્યારે તેણે પોતાના નફસ ઉપર કાબૂ મેળવી લીધો તો આજ મોકો અલ્લાહનો સાચી રીતે શુક્ર અદા કરવાનો હશે, અને જો પોતાનો જે હક હતો તે મેળવી લીધો છે તો સામાવાળાએ આ હક મેળવવા માટે તમારો જે સમય, ધન અને શક્તિનો વ્યય કરાવ્યો, તમને માનસિક તણાવમાં રાખ્યાં તે માટે તેને ક્ષમા આપી દો અને તે બાબતને જતી કરો. આ જ તો અલ્લાહનો શુક્ર છે.



# ગદીરનો સંદેશો



જ્યારે ખુદાવન્દે આલમે આપણાં વહાલા નબી સ.અ.વ.ને આજ્ઞા કરી કે : હે રસૂલ સ.અ.વ. ! મારી તરફથી તમને જે આજ્ઞા (અલીથી સંબંધિત) આપવામાં આવી છે તેને (લોકો સુધી) પહોંચાડી દો. અને જો આપ આવું નહીં કરો તો (જાણે) (આપે) રિસાલતની તબલીગ જ કરી નથી અને અલ્લાહ તમને લોકો તરફની વિટંબણાઓથી રક્ષણ આપશે.

ખુદાવન્દે કરીમની આ આજ્ઞા સાંભળીને આપ સાહેબ સ.અ.વ.એ ગદીરનો સંદેશો (પયગામ) એવી રીતે સંભળાવ્યો કે :

'અય્યોહન્નાસ ! (હે લોકો) મેં અલ્લાહની આજ્ઞાના પાલનમાં કદીયે કચાશ નથી રાખી અને હું આ આયતનું કારણ તમને સ્પષ્ટ કરી દેવા માંગુ છું કે જિબ્રઈલ ઘણીવાર મારી પાસે અલ્લાહની આ આજ્ઞા લઈને હાજર થયાં કે હું આ સ્થળે જ રોકાઈને દરેક વ્યક્તિને આ જાણકારી આપી દઉં કે અલી ઈબ્ને અલી તાલિબ અ.સ. મારા ભાઈ - મારા વસી - મારા માટે એવું જ છે કે જે સ્થાન મૂસા માટે હારૂનનું હતું. તફાવત ફક્ત એટલો છે કે મારા પછી કોઈ નબી નહીં થાય. તે અલ્લાહ અને રસૂલ પછી તમારા શાસક છે. અને તેની ઘોષણા ખુદાએ પોતે પોતાની કિતાબ (કુરઆન શરીફ) માં કરી છે કે 'બસ તમારો વલી અલ્લાહ છે, અને તે પછી મુહમ્મદ સ.અ.વ. તમારો રસૂલ છે અને તે ઈમાનવાળાઓ જે નમાઝ કાયમ કરે છે અને રૂકુઅની સ્થિતિમાં ઝકાત આપે છે.' અલી ઈબ્ને અબીતાલિબ અ.સ.એ નમાઝ કાયમ કરી છે, અને રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપી છે અને તે દરેક સ્થિતિમાં અલ્લાહની



E-mail : hadimasik@yahoo.com

ઈચ્છાને તાબે છે............... હે લોકો ! આ મારો અંતિમ સંદેશો છે. તેથી મારી વાત સાંભળો ! અને તેનું પાલન કરો, અને પોતાના પરવરદિગારની આજ્ઞાને સ્વીકારો. અલ્લાહ તમારો રબ-વલી અને પરવરદિગાર છે, અને તેના પછી મુહમ્મદ સ.અ.વ. તમારો રસૂલ છે, જે આજે તમને સંબોધન કરી રહેલ છે, અને તે પછી અલી અ.સ. તમારો વલી અને ખુદાની આજ્ઞાથી તમારો ઈમામ છે. તેમના પછી ઈમામત મારી 'ઝુર્રિયત' અને અવલાદમાં કયામતના દિવસ સુધી બાકી રહેશે. હે લોકો ! તેમને સર્વશ્રેષ્ઠ જાણો, કેમકે તેમને અલ્લાહે શ્રેષ્ઠતા આપી છે, અને તેમને સ્વીકારો કેમકે તેમને અલ્લાહે ઈમામ અ.સ. બનાવ્યાં છે.

હે લોકો ! તેઓ અલ્લાહની તરફથી ઈમામ અ.સ. છે, અને જે એમની વિલાયતનો ઈન્કાર કરશે તેની ન તો તૌબા સ્વીકારવામાં આવશે, અને ન તો તેને ક્ષમા આપવા (બખ્શિસ)ની કોઈ શક્યતા હશે. પરંતુ અલ્લાહને આ બાબતનો અધિકાર છે કે આ બાબતે વિરોધ કરનાર ઉપર તે હંમેશ હંમેશ ખરાબમાં ખરાબ અઝાબ નાઝિલ કરે, તેથી તેમનો વિરોધ કરવાથી બચજો. ક્યાંક એવું ન થાય કે (તેમના વિરોધને કારણે) તમે એ જહન્નમ(નર્ક)માં દાખલ થઈ જાવ કે જેનું બળતણ મનુષ્યો છે અને જેને કાફરો માટે બનાવવામાં આવેલ છે.



# શાહઝાદી હ. ફાતેમા સલા. નો દહેજ



જંગે બદર પૂરી થઈ તે પછી શાહઝાદી ફાતેમા સલા.નો અકદ મૌલાએ કાએનાત અ.સ. સાથે થયો. આ મુબારક અકદ (નિકાહ) તો ખુદાવન્દે આલમ પહેલાં અર્શ પરતો કરી ચુકયા જ હતાં. પરંતુ આ જગતમાં આ નિકાહ ૧ ઝિલહજ સને ૨ હિજરીના દિવસે થયો હતો. આ અકદની મહેર ઈમામઅલી અ.સ.એ પોતાનું બખ્તર વેચીને ૫૦૦ દિરહમ આપી હતી. આ મહેરની રકમમાંથી જ આપ સ.અ.વ. એ શાહઝાદીના કરિયાવર (દહેજ) નો સામાન ખરીદયો હતો. જે નીચે મુજબ હતો :

(૧) એક સફેદ પહેરણ (સ્ત્રીઓએ પહેરવાનું કાપડ)
(૨) એક ચાદર
(૩) એક તખ્ત (સુઈ જવા માટે)
(૪) બે નંગ રૂ ના ગાદલા - રજાઈ
(૫) ચાર ઓશીકા
(૬) એક ચટાઈ
(૭) હાથે અનાજ દળવાની એક ઘંટી
(૮) તાંબાનો પ્યાલો
(૯) એક મશક
(૧૦) કપડા ધોવા માટેનું એક વાસણ
(૧૧) દૂધ માટે એક વાટકો
(૧૨) પાણી પીવા માટેનો એક પ્યાલો
(૧૩) એક પડદો
(૧૪) એક લોટો
(૧૫) એક શેતરંજી
(૧૬) એક ઘડો
(૧૭) માટીના બે વાટકા
(૧૮) એક અબા (એક પ્રકારનું ઉપર ઓઢવાનું વસ્ત્ર)

(નુકુશેઈસ્મત - પા.૧૭૦)




E-mail : hadimasik@yahoo.com

# વિશ્વની અજાયબી



## માછલી સાત કલાક સુધી પાણીની બહાર રહી :

મનુષ્ય હવા વગર અને માછલી પાણીની બહાર એક મિનિટ પણ જીવિત રહી શકતાં નથી. પરંતુ કેટલાક સમય પહેલાં એક એવી ઘટના બની છે જેમાં એક માછલી સાત કલાક સુધી પાણીની બહાર રહી અને તેમ છતાંયે જીવિત રહી.

રેડકાર શહેરની રહેવાસી ૪૬ વર્ષિય એક મહીલા પાલાડન્સ્ટરે જણાવ્યું છે કે એક દિવસ તેમણે જોયું કે તેમના ફિશટેન્કમાંથી તેમની વહાલી ૧૮ માસની સ્પારકલ ગોલ્ડ ફિશ ગાયબ છે. તેમણે વિચાર્યું કે તેમનો પાર્ટનર તેને કાઢીને લઈ ગયો હશે. પરંતુ સાત કલાક પછી તેમનો પાર્ટનર જ્યારે પાછો ફર્યો તો તેમણે તેને આ વિશે પુછતાછ કરી તો તેણે તે ગુમ થએલી માછલી અંગે પોતાની અજ્ઞાનતા પ્રગટ કરી. પછી તેમણે ફિશટેન્કની આસપાસ શોધખોળ કરી તો તેમને તે ગોલ્ડફિશ ત્યાં નીચે પડેલી મળી આવી, તેને ઉપાડીને જોઈ તો તે જીવિત હતી. તેમને આશ્ચર્ય થયું, અને આશ્ચર્ય કેમ ન થાય કે પાણી વગર એક મિનિટ પણ જીવિત ન રહી શકનાર માછલી ઓછામાં ઓછા સાત કલાકથી પણી વગર જીવીત રહી હતી.

## દાંત તોડવાનો દંડ દસ કરોડ :



દક્ષિણ કેરોલીનામાં દાંતના એક ડોક્ટરથી એક મહિલાના ત્રણની જગ્યાએ ૧૬ દાંત જડબા સાથે ઉખડી ગયાં. આ મહીલા એલીઝાબેથ સ્માર્ટ એ કોર્ટમાં દાવો દાખલ કર્યો. કોર્ટે 'એકસટન કિલીનીક' ને ખોટી પધ્ધતિથી દાંત કાઢવા માટે દોષી ઠરાવ્યાં. એલીઝાબેથને વળતર પેટે રૂપિયા દસ કરોડ ચુકવવા હુકમ કર્યો. એલીઝાબેથના વકીલનું બયાન છે કે તેની અસીલને સર્જરી કરાવીને નવા દાંત (દાઢ) લગાવડાવવાનો ખર્ચ ૫૦ હજાર ડોલર આવશે.

# ઉસૂલે દીન

## ઈમામની આવશ્યકતા અને તેના લાભો

મિત્રો ! ઈમામત આપણા દીને ઈસ્લામની એક અત્યંત મહત્વની અને મહાન બાબત છે અને તેની આવશ્યકતા સમજીને આપણાં વહાલા નબી સ.અ.વ. એ ઘણી જગ્યાઓએ ઈમામતના ઉચ્ચ સ્થાન વિશે સ્પષ્ટતા કરી છે અને તેમના પછી આવનારા બાર ઈમામોની બાબતમાં ઘોષણાં કરી છે, એટલા માટે કે નબી સ.અ.વ. પછી ઈમામતની આવશ્યકતા અનિવાર્ય હતી, કેમકે,

★ નબી સ.અ.વ. પછી ઉમ્મત અને શરીઅતનો કોઈ ઈલાહી સંરક્ષક નહોતો તેથી અલ્લાહે કયામત સુધીના સમય માટે આ જરૂરીયાતને પૂર્ણ કરવા માટે ઈમામને સંપૂર્ણ જ્ઞાન અને શક્તિ સાથે મોકલ્યાં છે, જેથી કરીને અલ્લાહના વ્યવસ્થાતંત્રનું રક્ષણ પણ થઈ શકે અને ઉમ્મતનું માર્ગદર્શન પણ.

★ ખુદાવન્દે આલમે મનુષ્ય જાતિને સંપૂર્ણતા સુધી પહોંચવા માટે ઉત્પન્ન કરી છે, તેથી એ સ્થાને પહોંચવા માટે નબીઓ (અ.સ.) પછી કોઈ ઈલાહી પ્રતિનિધી નહોતો તેથી ઈમામ અ.સ.ને મનુષ્યના કાફલાના આગેવાન બનાવ્યાં જેથી કરીને આ જરૂરીયાત પૂર્ણ થઈ શકે.



★ અલ્લાહના કમાલને ઉમ્મત સમક્ષ મુકનાર - પ્રદર્શિત કરનાર નબી સ.અ.વ.



E-mail : hadimasik@yahoo.com

પછી કોઈ જ નહોતો. તેથી અલ્લાહે ઈમામતનો સિલસિલો મૂકી દીધો જેથી કરીને તેઓ નબી સ.અ.વ. પછી અલ્લાહના કમાલના અરિસા બનીને ઉમ્મત સમક્ષ રહે અને ઉમ્મત તેમના પ્રકાશમય અસ્તિત્વથી લાભાંવિત થતી રહે.

★ ઈમામ જ ઉમ્મતના માર્ગદર્શન માટે જિમ્મેદાર હોય છે. નબી સ.અ.વ. પછી તમામ પ્રકારના આંતરિક અને બાહ્ય-જાહેર અને ગુપ્ત શત્રુઓ સાથે સંધિ કે યુદ્ધ અંગે તે જ જવાબદાર હોય છે. તેથી ઈમામની આજ્ઞા વગર જિહાદના નામે કોઈની સાથે યુધ્ધ કરવાની પરવાનગી ઈમામતના અકીદા પ્રમાણે કોઈને પણ નથી અને ગયબતે ઈમામમાં આ ઈમામતનો અકીદો જ આંતકવાદી ગણાઈ જવામાંથી બચાવીને રાખે છે.

★ ઈમામ ખુદાવન્દી દયા અને કૃપા નાઝિલ થવા માટે અને આફતો અને બલાઓથી રક્ષણનું કારણ છે. આ બાબતમાં ઘણી હદીસો છે.

પરવરદિગારે આલમથી દુઆ છે કે આપણને આ ઈમામતના અકીદા ઉપર મજબૂતાઈથી કાયમ રાખે.

(આમીન યા-રબ્બુલ આલમીન)



# માઅસૂમીન અ.સ.ની માતાઓ

## (૧) જનાબ આમેના ખાતૂન અ.સ.

**પયગમ્બરે અકરમ મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.ના માદરે ગિરામી (મહાન આદરણીય માતા)**

**મુબારક નામ** : આમેના

**આપના પિતા** : વહબ બિન અબ્દેમનાફ

**આપના માતા** : બફ્ફહ બિન્તે અસદ બિન અબ્દુલ અઝી

**આપનો જન્મ** : હિજરી થી પર વરસ પહેલાં થયો હોવાનું કહેવાયું છે.

**આપનું અવસાન** : રસૂલે ગિરામી સ.અ.વ. ના જન્મના છ માસ પછી - અને બીજી એક રિવાયત પ્રમાણે રસૂલે અકરમ સ.અ.વ.ના જન્મના બે વરસ પછી અને એક અન્ય રિવાયત પ્રમાણે ઈસ્વી સન ૫૮૩.

**આપની પવિત્ર કબર** : અબવાઅ - મક્કા મુકર્રમા

**આપના ફઝાઈલ** : રસૂલે ઈસ્લામ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે જનાબ જિબ્રઈલે આપને એવી જાણ કરી છે કે ખુદાએ તબારક-વ-તઆલા એ ૬ લોકો ઉપર જહન્નમની અગ્નિ હરામ કરી છે. એ લોકો કે જેમની સંતતિમાં આપનો જન્મ થયો છે, તે લોકો એટલે હાશિમ- અબ્દુલ મુત્તલિબ અને અબ્દુલ્લાહ - એ ગર્ભ કે જેમાં આપ સ.અ.વ. રહ્યાં છે અને તે ગર્ભ જનાબ આમેનાનો ગર્ભ છે. (એટલે જનાબ આમેના) અને જેમનું આપે સ્તનપાન કર્યું છે તે, એટલે હલીમા સઅદિયા્ને અને એ કે જેમણે આપનો ઉછેર કર્યો તે, આપનો ઉછેર કરનાર એટલે જનાબ અબૂતાલિબ. આપની મહાનતા માટે એટલું કહેવું પૂરતું છે કે આપ પયગમ્બરે ઈસ્લામના વાલિદ-એ-ગિરામી હતાં.



# પત્રાવલી

**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**


નામ: સુંદરાણી મહંમદતકી એન
સરનામું: જીવાબાવા ચોક મોચી રીતી વાડી પાસે.

સુંદરાણી મહંમદ તકી એન.,
જીવાબાવા ચોક, મોચી રીતીવાડી પાસે.



દેવજાણી સીદીકા મુસ્તાક અલી (ભદ્રાવળવાળા),
હુસેનચોક, વ્હોરવાડ ગરીયાળાની પીપર પાસે, મહુવા.



દેવજાણી સુમૈયા મુખ્તાર અલી,
હુસેનચોક, વ્હોરવાડ, ગરીયાળાની પીપર પાસે, મહુવા.



દેવજાણી સુકૈના ઝહેરા મુખ્તાર અલી (ભદ્રાવળવાળા),
હુસેનચોક, વ્હોરવાડ ગરીયાળાની પીપર પાસે, મહુવા.

# ઝિલહજ માસની કેટલીક ઘટનાઓ

**૧-ઝિલહજ :** જનાબ ફાતેમા ઝહરા સલા.ના લગ્ન હઝરત અલી અ.સ. સાથે ઘણી સાદાઈથી થયાં. જનાબ ફાતેમા સલા. માટે ઘણાં માંગા આવ્યાં હતાં, પરંતુ રસૂલે ખુદા સ.અ.વ.એ તે પૈકી કોઈનો પણ સ્વીકાર કર્યો નહીં અને ફરમાવ્યું કે : જિબ્રઈલે એમને એવી જાણ કરી છે કે ખુદા ત.વ.ત. એ ફરમાવ્યું છે કે જો અલી અ.સ.ને પેદા ન કર્યા હોત તો જનાબ ફાતેમા સલા.નો કોઈ પતિ ન હોત.

**૪-ઝિલહજ :** રસૂલે ખુદા 'હજ્જતુલ વિદાઅ' માટે મક્કા પહોંચ્યા - આ હજ પછી જ આપે ગદીરે ખુમના સ્થળે હઝરત અલી અ.સ.ની વિલાયતની જાહેરાત કરી હતી.

**૬-ઝિલહજ :** મન્સૂર દવાનકી નામનો અબ્બાસી વંશનો ખલીફા જહન્નમમાં ગયો હતો. તેણે ઈમામ સાદિક અ.સ.ને શહીદ કર્યા હતાં. તદ્ઉપરાંત તેણે હજારો સાદાતોનો પણ વધ કર્યો હતો. તે ઘણો જ કંજુસ ખલીફા હતો અને એક-એક રિયાલનો પણ હિસાબ રાખતો હતો.

**૮-ઝિલહજ :** અરફાનો દિવસ. આ દિવસે હાજીઓ અરફાના મેદાનમાં આવે છે. જે ઘણી જ બરકતવાળી જગ્યા છે. અહિયાં દુઆઓ કબુલ થાય છે. ઈમામ હુસૈને અહિયાં એક દુઆ પઢી હતી. જેને 'દુઆએ અરફા' કહેવામાં આવે છે. જનાબ મુસ્લિમની શહાદત.

**૧૦-ઝિલહજ :** ઈદે કુરબાનીનો દિવસ. આ દિવસ આપણને જનાબ ઈબ્રાહીમ અ.સ.ના બલિદાનની યાદ દેવડાવે છે. આપે સ્વપ્ન જોયું અને જનાબ ઈસ્માઈલ અ.સ.ને બલિ માટે તૈયાર કર્યા પરંતુ જ્યારે આપે છરી ચલાવી તો ખુદાની આજ્ઞાથી જનાબ ઈસ્માઈલ બચી ગયાં અને ઘેટાની બલિ દેવાઈ ગઈ.


E-mail : hadimasik@yahoo.com

**૧૮-ઝિલહજ :** ઈદે ગદીરે ખુમ- મૌલાએ કાએનાત હઝરત અલી અ.સ.ની વિલાયતનો દિવસ - અમ્માનનો કત્લ

**૨૩-ઝિલહજ :** શય્ખ અબ્બાસ કુમ્મીની વફાત. આ એ જ શય્ખ કુમ્મી છે જેમણે 'મફાતીહુલ જિનાન' પુસ્તક લખ્યું છે.

**૨૪-ઝિલહજ :** મુબાહિલાનો દિવસ. આજના દિવસે રસૂલે ખુદા સ.અ.વ.ને મુબાહિલા વગર જ ખ્રિસ્તિઓ ઉપર વિજય મળ્યો હતો.

**૨૫-ઝિલહજ :** 'હલઅતા' નો સૂરો નાઝિલ થયો. બાળપણમાં જ્યારે ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. બીમાર પડી ગયાં હતાં ત્યારે રસૂલે ખુદા સ.અ.વ. બાળકોની તબીયત જોવા આવ્યાં હતાં, ત્યારે આપે પોતાની વહાલી દીકરી ફાતેમા સલા.ને કહ્યું કે 'ફાતેમા સલા. એવી માનતા માનો કે બાળકો સાજા થઈ જશે તો રોઝો રાખીશું.' બાળકો સાજા થઈ ગયાં અને જનાબ ફાતેમા સલા.એ રોઝો રાખ્યો, તો ઘરના બધાં સભ્યોએ પણ રોઝો રાખ્યો. ઈફતારની વેળાએ ફરિશ્તાઓ યતીમ- દરિદ્ર અને ફકીર બનીને આવ્યાં અને અહલેબૈત અ.સ.એ પોતાની ઈફતારી (ની રોટલી) તેમને આપી દીધી અને પાણીથી રોઝા ખોલ્યા ત્યારે ખુદાએ અહલેબૈતની શાનમાં પૂરો 'સૂરએ હલ અતા' નાઝિલ કર્યો.

**૨૮-ઝિલહજ :** હુર્રાની ઘટના - આ એ જ ઘટના છે જે કરબલાના પ્રસંગ પછી શરૂ થઈ હતી. મદીનાવાળાઓએ યઝીદના પ્રતિનિધી એવા હાકેમને મદીનામાંથી કાઢી મૂક્યો તો યઝીદે મુસ્લિમ બિન અકબાને એક મોટું સૈન્ય લઈને આક્રમણ કરવા મોકલ્યો. 'મદીનતુર્રસૂલ' ઉપર ત્રણ દિવસ સુધી આક્રમણ ચાલુ રાખ્યું. મદીનાવાસીઓ ઉપર થએલા અત્યાચારોની કોઈ સીમા ન હતી. મદીનાને તદ્દન વેરાન કરી નાખવામાં આવ્યું. એટલો 'કત્લેઆમ' થયો કે મદીનાની ગલીઓમાં માનવ રક્ત વહેવા લાગ્યું.

# ખુદાનો સાચો મિત્ર





અરબસ્તાનની એક સુંદર સાંજ કે જ્યારે ટાઢકવાળી હવા મંદમંદ ગતિએ વહેતી હતી, પક્ષીઓ હરિયાળા વૃક્ષો ઉપર ઉડી રહ્યાં હતાં અને જમીન ઉપર આવીને દાણાં પણ ચણી રહ્યાં હતાં.





બાળકો પણ આપસમાં રમતાં હતાં - દોડતાં હતાં અને મોજમસ્તી કરી રહ્યાં હતાં.







એજ સમયે, જ્યારે બાળકો રમી રહ્યાં હતાં, ત્યારે રસૂલ સ.અ.વ. પોતાના કેટલાંક સાથીઓ (સહાબીઓ) સાથે ત્યાંથી પસાર થયાં. એક બાળકે આપ સ.અ.વ.ને જોયાં અને ઝડપથી આપની દિશામાં દોડી આવ્યો.





રસૂલ સ.અ.વ.એ જ્યારે તે બાળકને જોયો ત્યારે તેને સલામ કરી.
તે બાળકે જવાબ આપ્યો. રસૂલ સ.અ.વ. એ તેને પુછ્યુ,'શું તું મને ચાહે છે ?'
બાળકે કહ્યું, 'ખુદાની કસમ! હું આપને ઘણો જ ચાહું છું.'



રસૂલ સ.અ.વ. એ પુછ્યું : 'પોતાની આંખોની જેમ ચાહે છે ?'
બાળકે કહ્યું : તેનાથી પણ વધારે.
રસૂલ સ.અ.વ.એ પુછ્યું : 'તારા પિતા કરતાં પણ વધારે'
બાળકે કહ્યું : 'હા - હે રસૂલ સ.અ.વ., પિતા કરતાં પણ વધારે.'



રસૂલ સ.અ.વ. એ પુછ્યુ : 'પોતાની માતા કરતાં પણ વધારે'
બાળકે કહ્યું : 'હા - તેમના કરતાં પણ વધારે'
રસૂલ સ.અ.વ. એ પુછ્યું : 'પોતાના પ્રાણ કરતાં પણ વધારે'
બાળકે કહ્યું : 'હે રસૂલે ખુદા સ.અ.વ., હું આપને પોતાના પ્રાણ કરતાં પણ વધારે ચાહું છું.'
આ સાંભળીને આપ સ.અ.વ. ના સાથીઓએ તે બાળકને શાબાશી આપી.

રસૂલ સ.અ.વ.એ છેવટે પુછ્યુ : 'શું તું મને ખુદા કરતાં પણ વધારે ચાહે છે ?
તે બાળકે કહ્યું : ' હે નબીયે ખુદા સ.અ.વ., હું આપને ખુદાના કારણે જ ચાહું છું. રસૂલ સ.અ.વ.એ આ સાંભળીને તે બાળકને તેડી લીધો અને તેને વહાલ કર્યો.



પછી પોતાના સાથીઓ (અસ્હાબ)ને પૂછ્યું કે શું તમે લોકો પણ આ બાળકની જેમ જ ખુદા સાથે મિત્રતા રાખો છે ? એટલે કે તમે પણ આ બાળકની જેમજ ખુદા સાથે મિત્રતા રાખજો.'

# અમારા પ્રશ્નો તમારા જવાબો

પ્રશ્ન-૧ આપણી સૌથી વધારે ઈદો કયા માસમાં આવે છે ?

(અ) મહોર્રમ (બ) રજબ (ક) શાઅબાન (ડ) ઝિલહજ

પ્રશ્ન-૨ ઈમામ અલી અ.સ. એ જગતની પીવા લાયક સર્વશ્રેષ્ઠ વસ્તુ કઈ જણાવી છે ?

(અ) દૂધ (બ) દાડમનું શરબત (ક) પાણી (ડ) ચાસણી

પ્રશ્ન-૩ કઈ વ્યક્તિ કોઈને કાંઈ આપતી વખતે તેને અપમાનિત નથી કરતો ?

(અ) યુવાન (બ) શ્રીમંત (ક) વીર (ડ) બધાં જ ખોટાં

પ્રશ્ન-૪ ઈમામ અલી અ.સ.ની વિલાયતની જાહેરાત કયા મેદાનમાં કરવામાં આવી હતી.

(અ) કરબલાનું મેદાન (બ) ગદીરનું મેદાન

(ક) અરફાતનું મેદાન (ડ) મિનાનું મેદાન

પ્રશ્ન-૫ જનાબ ફાતેમા ઝેહરા સલા.ની મહેરમાં કેટલી રકમ આપવામાં આવી હતી ?

(અ) ૫૦૦ દીનાર (બ) ૧૫૦૦ દીરહમ

(ક) ૫૦,૦૦૦ દિનાર (ડ) ૫૦૦ દિરહમ

પ્રશ્ન-૬ જનાબ રસૂલે ખુદા સ.અ.વ.ના માતાના પિતા કોણ હતાં ?

(અ) વહબ (બ) અબ્દુલ્લાહ

(ક) ઈબ્ને અસદ (ડ) જનાબ અબૂસલમા

પ્રશ્ન-૭ જે ઘટનામાં મદીનામાં કત્લે આમ અને ખુનામરકી થઈ હતી તેને શું કહેવામાં આવે છે ?

(અ) વાકએ હુર્રા (હુર્રાની ઘટના) (બ) વાકએ કરબલા

(ક) વાકએ મુબાહિલા (ડ) વાકએ ગદીર

પ્રશ્ન-૮ જનાબ ફાતેમા ઝહરા સલા.ની નાનીનું નામ શું છે ?

(અ) જનાબ આસિયા અ.સ. (બ) જનાબ મરયમ અ.સ.

(ક) જનાબ ખદીજા અ.સ. (ડ) જનાબ આમેના અ.સ.

પ્રશ્ન-૯ ઈમામ હુસૈન અ.સ.એ અરફાના દિવસે કઈ દુઆ તિલાવત ફરમાવી હતી ?

(અ) દુઆએ કુમૈલ (બ) દુઆએ અરફા

(ક) દુઆએ નુદબા (ડ) દુઆએ જવશને કબીર

પ્રશ્ન-૧૦ જંગે ખન્દકમાં ખન્દક (ખાઈ) ખોદવાની સલાહ કોણે આપી હતી ?

(અ) જનાબ સલમાને મુહમ્મદી (બ) જનાબ અબૂઝર ગફ્ફારી

(બ) જનાબ બિલાલ (ડ) જનાબ હમઝા



E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી

## ادفع بالتی هی احسن، السیئة

### અપકારનો બદલો ઉપકારથી



વહાલા બાળકો,

અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં જણાવેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.



# આર્ટ ગેલેરી

## ادفع بالتى هى احسن، السيئة

### અપકારનો બદલો ઉપકારથી



વહાલા બાળકો,

અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં જણાવેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.





E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

**વહાલા બાળકો !**

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧ : અસ્ર અને ખુસ્રનો અર્થ
(અ) નિચોવવું, ઝમાનો, નુકશાન

પ્રશ્ન-૨ : જે શખ્સ દરરોજ ૪૧ વખત "યા અઝીઝો" પઢે તે કોઈનો મોહતાજ નહીં થાય - આ કૌલ કયા માસુમનો છે ?
(ક) હ. રિઝા (અ.સ.)

પ્રશ્ન-૩ : ઈમામે રિઝા અ.સ.ની શહાદતની તારીખ અને હિ.સન. ?
(બ) ૨૩ ઝુલકાઅદ - હિ. ૨૦૩

પ્રશ્ન-૪ : જનાબે મુસ્લિમે ઈમામ હુસૈનને કઈ તારીખે પત્ર લખ્યો ?
(ક) ૯ ઝુલકાઅદ

પ્રશ્ન-૫ : રસુલે ઈસ્લામ તેમની આખરી હજ માટે કઈ તારીખે રવાના થયા ?
(અ) ૨૬ ઝુલકાઅદ

પ્રશ્ન-૬ : ઈમામે રિઝા અ.સ.ની વિલાદતની તારીખ અને હિ. સન. ?
(ડ) ૧૧ સફર, હિ. ૧૪૮

પ્રશ્ન-૭ : ઈમામે રિઝા અ.સ.ની બહેનનો રોજો ઈરાનના કયા શહેરમાં છે ?
(ડ) કુમ

પ્રશ્ન-૮ : જમતી વખતે કોઈના પણ માન માટે ઉભા ન થવું જોઈએ કારણ કે ખુદાના રિઝ્કનો એહતેરામ વધુ જરૂરી છે. - આ કયા માસુમનો કૌલ છે ?
(બ) હ. રિઝા (અ.સ.)

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ, જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોન: ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય ત્થા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**



# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


